સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ઈમરાનને આતંકનું ભૂત વળગ્યું છે
અને ચિનાઈ ઓછાયાનું દૂત વળગ્યું છે
ભૂત વળગ્યું છે સેનાનાં પોકળ બળનું
ધૂણે ધમપછાડે યુદ્ધનું ભૂત વળગ્યું છે

હાઈકુ

કરે લવારા
બેફામ નિવેદને -
સનેપાત...

કર્યું કબૂલ
ખાસે માર મેદાને -
એક ઈનીંગે...

ચિંતન

રચનાનુપપત્તેશ્ચ નાનુમાનમ્ ।

ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

કેવળ અનુમાન છે તે પ્રધાન જગતનું કારણ નથી. એની દ્વારા જુદી જુદી રચનાનો સંભવ નથી માટે.

પ્રધાન અથવા પ્રકૃતિ જડ છે અને પરબ્રહ્મ પરમાત્માથી અલગ અસ્તિત્વ નથી ધરાવતી. તે જગતનું કારણ કેવી રીતે હોઈ શકે ? જડ પ્રકૃતિ અને પ્રધાન જગતની રચનામાં પોતાની મેળે જ કાર્યરત નથી બની શકતું એવું જગતમાં પણ જોઈ શકાય છે. તો પછી આટલા બધા વિશાળ વિશ્વની અને એના વિવિધ પદાર્થોની રચના જડ પ્રકૃતિ કે પ્રધાનના જ કરી શકે એ દેખીતું છે.

સૂર્ય ચંદ્ર ગ્રહ નક્ષત્રોનું અને આટલા બધા આકર્ષક, સુંદર અને આશ્ચર્યકારક મનુષ્ય શરીરનું નિર્માણ કરનારી ચેતના કોઈ અસાધારણ ચેતના તો નહીં જ હોય. આ જગત રચના પરમાત્મારૂપી કુશળ કળાત્મક કારીગરની જ કલ્પનાશક્તિનું સુ-પરિણામ છે, એમાં સંદેહ નથી.

સુવિચાર

- સુખ ભોગવ્યા બાદ મનુષઅયે કદાચ પસ્તાવું પણ પડે, પરંતુ આનંદ એ એળી ખુશી છે, જેને ભોગવી કે કદાપિ પસ્તાવાનું હોતું નથી - **ઓશો**
- આત્મજ્ઞાન વગરનું તિર્થાટન નકામું, આત્મજ્ઞાન વગરનું અનશન નકામું, આત્મજ્ઞાન વગરનાં તપ અને સાધના પણ નકામાં - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- શ્રધ્ધા એ કંઈ એવું નાજુક ફૂલ નથી કે જરાક પવનનો ઝપાટો લાગે કે કરમાઈ જાય - **ગાંધીજી**
- હૃદય કંગાળ અને ખિસ્સું ગરમ એવી પ્રગતિ શા ખપની? - **ભૂપત વડોદરિયા**
- પહેલા આતિથ્યનો વાસ અંતઃકરણમાં હતો. આજનું આતિથ્ય કેળવ વાણીમાં રહ્યું છે, આજે અંતઃખરણનો શણગાર ઘટ્યો છે, દીવાનખાનાનો શણગાર વધ્યો છે - **આચાર્ય ભાલચંદ્ર મુનિ**
- ભલાઈ એટલે ભગવાને મનુષ્યે નામે કરેલું સૌથી મોટું વસિયતનામું - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : કોકમનું ઘી ગરમ કરીને એક એક ચમચી સવાર-સાંજ લેવાથી મરડો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

વર્ષો પહેલાં આદિશંકરાચાર્ય અને મંડન મિશ્ર વચ્ચે દસ દિવસ સુધી શાસ્ત્રાર્થ ચાલ્યો જેમાં નિર્ણાયક તરીકે મંડનમિશ્રના ધર્મપત્ની ભારતીદેવી હતા. તેઓ પણ ખરેખર વિદ્વાન હતા. દસ મે દિવસે શાસ્તાર્થ શરૂ થયો અને ભરતીદેવીને કૌટુંબિક કારણથી શાસ્ત્રાર્થ છોડીને જવું પડે તેવી સ્થિતિ સર્જાઈ. શાસ્ત્રાર્થ એના અંતિમ ચરણમાં હતો ત્યારે નિર્ણાયક શાસ્ત્રાર્થ છોડીને કેવી રીતે જઈ શકે? ભારતી દેવી એ ચતુરાઈપૂર્વક એ મુશ્કેલીનો હલ કાઢ્યો. તેમણે તાજા ફુલોની બે માળા મગાવી અને જતાં જતાં બંને વિદ્વાનોને ગળામાં પહેરાવી બોલ્યા, 'જયાં સુધી હું આવું નહીં ત્યાં સુધી શાસ્ત્રાર્થ અટકાવતા નહીં મારી ગેરહાજરીમાં આ માળાઓ નિર્ણાયકની ભૂમિકા ભજવશે.' લગભગ ત્રણેક કલાક બાદ ભરતીદેવી આવ્યા અને પાંચ જ મિનિટમાં પોતાનો નિર્ણય જણાવી દીધો. ભારતી દેવીએ શ્રી આદિ શંકરાચાર્યને વિજય ઘોષીત કર્યા અને પોતાના પતિ મંડન મિશ્રને પરાજિત જાહેર કર્યા. સભામાં હાજર એક વિદ્વાને પ્રશ્ન કર્યો. 'આપ છેલ્લા ત્રણ કલાકથી અહીં હાજર નહોતા. અંતિમ ચરણમાં શાસ્ત્રાર્થ - ચર્ચા આપે સાંભળ્યા પણ નથી. તો પાંચ જ મિનિટમાં કયા આધારે આપે નિર્ણય કર્યો ??' ભારતીદેવીએ જવાબ આપતા કહ્યું, 'છેલ્લા ત્રણ કલાકમાં વિદ્વાન મંડન મિશ્રજી હારી રહ્યા હશે. તેથી તેઓ મગજ અને મન પરનો કાબુ ગુમાવી ગુસ્સે થયા હશે. જેને કારણે તેમને પહેરાવેલી માળાના ફુલો સુકાઈ ગયા છે, જયારે શ્રી આદિશંકરાચાર્યની માળાના ફુલો તાજાં જ દેખાય છે.' ક્રોધનો અગ્નિ જાતને અને આસપાસના વાતાવરણને પણ નુકસાન કરે છે.

રાજયોની ચૂંટણી જીતવા માટેના ઉપાયો

તંત્રીસ્થાનેથી...

દિવસે દિવસે તળિયે બેસી જઈ રહેલી ઈકોનોમીને નિર્મલા સીતારમણની નવી દરખાસ્તોએ પુનર્જીવિત કરી દીધી છે. મોટાં ઉદ્યોગગૃહોએ એમનો હરખ છુપાવ્યો નથી તેમ શેરબજારે એની ઊંચી છલાંગ ભરીને એ દરખાસ્તોથી ચીમળાઈ રહેલી અર્થવ્યવસ્થો નવજીવન સાંપડશે એવી સાહેદી પૂરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બગડેલી બાજી છેલ્લી ઘડીએ સુધારી લેતાં આવડે છે. એ માટે તેઓ આંધળૂકિયાં કરી મોટાં જોખમો ખેડી શકે છે. રાહુલ ગાંધીના આર્થિક સલાહકારોને આમાં ઢાંકપિછોડો લાગે તો ભલે લાગે. લોકોને તો દિવાળી થોડી વહેલી આવી ગયાનો જ અહેસાસ થયો છે. જો કે નિર્મલાએ ટૂંકા ગાળામાં આ ત્રીજું 'બજેટ' રજૂ કરીને સરકારી તિજોરી પર મસમોટી ખોટ વહોરી છે પરંતુ રોકાણકારોના ઉત્સાહને લીધે એ ખાડો પુરાઈ જશે એવી ખાતરી પણ ઉચ્ચારી છે. લોકસભાની ચૂંટણીમાં જયજયકાર થઈ ગયા પછી મોદી-શાહ જુગલજોડી સામે મહારાષ્ટ્ર-હરિયાણાની વિધાનસભાની ચૂંટણીનો પડકાર છે અને એની સાથે જ ભાજપમાં પ્રવેશવા કોંગ્રેસ કે અન્ય વિપક્ષો છોડી આવેલા પૂગેલા વછેરાઓને ભાજપમાં કમળ પર ચૂંટી લાવવાની પણ જવાબદારી આવી પડી છે. કેટલાક ધારાસભ્યોને લોકસભાની ચૂંટણીમાં પાર્ટીએ ઉમેદવારો બનાવ્યા હતા એમની બેઠકો ખાલી પડી છે. તે પણ ભરવાની છે. આ બધું એકી સાથે અને સમુસૂતરું પાર ઊતરે એ રીતે પાર પાડવાની નૈતિક જવાબદારી પણ વરિષ્ઠ નેતાગીરીની જ છે. જો કે વિધાનસભાની ચૂંટણીમાં સ્થાનિક પ્રશ્નો અને વાતાવરણ પણ એટલું જ અગત્યનું ગણાય, તેથી ભારતીય જનતા પાર્ટી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી એકલે હાથે લડવાનું નહીં વિચારી શકે. શિવસેના પાસે જીતવા કરતાં ભાજપને એની વોટબેંકમાં ભાગ પડાવી હરાવવાની તાકાત તો આજે પણ અકબંધ છે. બાળાસાહેબ ઠાકરે વખતનો જુસ્સો ભલે શમી ગયો હોય પરંતુ 'મરાઠી માણૂસ' વાળી થિયરી વહેતી મુકાય તો મોદીની કરિશ્મા આડે પ્રદેશવાદનું ધુમ્મસ જરૂર ઊભું થઈ શકે. એટલે શિવસેનાના હાડકા પડકારા નજરઅંદાજ કરી એને વ્યૂહાત્મક રીતે સાથે રાખવામાં જ વર્તમાન મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા પક્ષના વડા અમિત શાહને શ્રેય દેખાશે. હરિયાણામાં પરમાનંદ ખટ્ટર સામે સ્થાનિક પ્રજામાં રોષ હોઈ શકે છે પરંતુ કાશ્મીર અંગેના ઐતિહાસિક નિર્ણય પછી પ્રજા ભારતીય જનતા પાર્ટી સાથે રહેવામાં જ પોતાનું હિત જોશે. હરિયાણામાંથી ઘણા સૈનિકો કાશ્મીર મોરચે લડતા હોય છે, શહીદ પણ થયા છે. હરિયાણાના પ્રાદેશિક પક્ષો મોદી વાવાઝોડામાં નબળા પડી ગયા છે. દેવીલાલપુત્ર ચૌટાલા તો જેલની હવા ખાઈ રહ્યા છે. કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી હુડ્ડાએ કાશ્મીર મુદ્દે રાહુલ-સોનિયા-ગુલામનબીની નીતિ સામે રણશિંગુ ફૂંકી નવી પ્રાદેશિક પાર્ટી રચવાનો પડકાર ફેંક્યો છે પણ મોદીવેવ સામે તે ભાગ્યે જ ટકી શકશે. હુડ્ડા વિરુદ્ધ પણ નાણાકીય ગેરરીતિઓના અને ગાંધીપરિવારના જમાઈરાજ સાથે સાંઠગાંઠ હોવાના આક્ષેપો છે જ. મહારાષ્ટ્રમાં કોંગ્રેસ કરતાં વધુ સારી સ્થિતિ શરદ પવારની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીની છે. જો કે એમાંથી ડૂબતા વહાણને ત્યજીને કૂદી પડતા ઉંદરોની જેમ એક પછી એક સક્ષમ નેતાઓ ભાજપ સાથે જોડાઈ રહ્યા છે. છેલ્લે સાંસદ ભોંસલે કે જેઓ શિવાજીના વંશજ છે તે ભાજપમાં આવી જતાં હવે શિવાજીના નામે વટ મારતા મરાઠા નેતા શરદ પવાર કે શિવસેનાના ઉદ્ધવ ઠાકરે કરતાં મોદીનું પલ્લું ભારે બની ગયું છે. 'હાઉડી મોદી'ના હાકલા પડકારા હ્યુસ્નથી હરિયાણા અને મહારાષ્ટ્ર સુધી પડઘાશે એમાં શંકાને સ્થાન નથી.

વાચક વિદ્યાર્થી અને વાચક શિક્ષકનો સંગમ આજના શિક્ષણનું સ્વપ્ન

રંગ-ઉમંગ
કાનન ઓઝા

આજનો વિદ્યાર્થી અને આજનો શિક્ષક ખૂબ જ Busy બની ગયો છે. તેમનું આ બીઝીપણું તેમને અભ્યાસથી થોડે દૂર ખેંચી જાય છે. તેમને આ ખેંચાણમાં ખેંચાઈ જવાનો આનંદ પણ આવે છે. આ ક્ષણભંગુર આનંદ તેમના જીવન માટે કેટલાંક પ્રમાણમાં ઘાતક પણ નીવડે છે. આમ છતાં, ક્ષણભંગુર આનંદ માટે ખેંચાઈ જતાં આ વિદ્યાર્થીઓ કે શિક્ષકો માટે શિક્ષણ - અભ્યાસ એ સાઈઝ બિઝનેશ બની જાય છે. એ પણ એક વાસ્તવિકતા છે કે બંને પોતપોતાની જવાબદારી અને ફરજથી પરિચિત હોવા છતાં અન્ય બાબતોને પોતાનું ધ્યેય કે ફરજ બનાવી લેતાં હોય છે. સરવાળે નુકશાન માત્ર તેમને જ નહીં પણ આખા સમાજને પણ થાય છે.

આજનો વિદ્યાર્થી પરીક્ષામાં બેસવા માટે જરૂરી હાજર દિવસ પૂર્ણ કરવા માટે જ શાળા કૉલેજમાં આવતો હોય તેવું લાગે છે. ઘણીવાર વિચાર ઝઝળાવે છે, કે શાળા-કૉલેજમાં હાજરી પુરવામાં ન આવતી હોય અને આવવા જવાની કોઈ જ રોકટોક ન હોય તો કેટલા વિદ્યાર્થી નિયમિતપણે પૂરો સમય શાળા-કૉલેજમાં હાજરી આપે ? તમારો ને મારો જવાબ સમાન જ હશે ? આવું કેમ ? માટે જ કહી શકાય કે આજના વિદ્યાર્થી અને શિક્ષકો અભ્યાસેત્તર બાબતોમાં ખૂબ જ Busy બની ગયાં છે.

આજના વર્ગખંડની પરિસ્થિતિનો અનુભવ એ તારણ પર પહોંચે છે કે આજના વિદ્યાર્થીને શિક્ષક સાથે ચર્ચા કરવાની કે કશુંક પણ પૂછવાની ઈચ્છા થતી નથી. હા, તેની પાછળ કયારેક કોઈ કારણ હશે જ. પણ એ કારણ એવાં તો નહીં જ હોય કે જે દૂર કરી ન શકાય. આજના વિદ્યાર્થીમાં વાંચી કે શિક્ષક ને પૂછીને જાણવાની ઈચ્છા શક્તિનો અભાવ અને ચલાવી લેવાની વૃત્તિનું પ્રમાણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. જેનાં કારણે વર્ગખંડ કે શાળા-કૉલેજના કેમ્પસમાં વિદ્યાર્થી શિક્ષક વચ્ચેના સંવાદનો સૂર ભાગ્યે જ સાંભળવા મળે છે. આજના વિદ્યાર્થીને શિક્ષક પાસે માંગતા કે વિનંતી કરતા શરમ આવે છે; જેનાં કારણો હોઈ શકે. પણ અહીં કારણ કરતાં પરિણામને વધુ પ્રાધાન્ય આપવું જોઈએ. વિદ્યાર્થીએ પોતાની યાચકવૃત્તિ ને ઉછેરવી પડશે અને પછી ઉશ્કેરવી પડશે. તેની આ યાચકતામાં નમાલાપણાં નહીં પણ માલપણાંના દર્શન કરવા જોઈએ. જોડણીકોશ મુજબ 'યાચકનો અર્થ વિનંતી, માંગણી, પ્રાર્થના એવા કરવામાં આવ્યો છે. તે મુજબ જોઈએ તો આ ત્રણે બાબતો વિદ્યાર્થી અવસ્થા માટે ખૂબ જ મહત્ત્વની ગણી શકાય. વિદ્યાર્થીને પોતાનું વિદ્યાર્થીપણું ખીલવવા માટે આ ત્રણે બાબતોને આસ્થાપૂર્વક સ્વીકારવી પડશે, દિલ અને દિમાગ સાથે જોડવી પડશે.

આજના વિદ્યાર્થીને શિક્ષક સામે પોતાના પ્રશ્નોને રજૂ કરવામાં સંકોચ થતો જોવા મળે છે. આ સંકોચને સાચવી રાખવામાં સંતોષ માનતા વિદ્યાર્થીઓનો ભેટો સંતાપ સાથે થાય છે, સફળતા સાથે નહીં, વર્ગખંડમાં શિક્ષક દ્વારા પીરસવામાં આવતી વાનગીઓનો સાચો સ્વાદ ત્યારે જ મળશે જયારે તમે બરાબર ચાખી શકશો. સાચો સ્વાદ માણવા અને તેનું શક્તિમાં રૂપાંતર કરવા માટે શિક્ષક સાથે વધુમાં વધુ ચર્ચા કરો. પ્રશ્ન પૂછો વિદ્યાર્થીઓ એવી કેટલીક સામગ્રી સાથે વર્ગખંડમાં પ્રવેશ કરવો જોઈએ કે જેથી શિક્ષક સાથેના સંવાદમાં મજા પડી જાય. આ સમયે બંને પક્ષે સ્નેહ નીતરવો જોઈએ. પોતાને શું નથી આવડતું કે કઈ બાબતમાં શું મુશ્કેલી પડે છે કે વધારે જાણવાં માટે શું વાચવું જોઈએ વગેરે માંગણી વિદ્યાર્થી દ્વારા વર્ગમાં થવી જોઈએ. અહીં એક નવો વિચાર મૂકવાની ઈચ્છા શકાતી નથી, કે દરેક તાસના અંતે વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવા માટે પાંચ મિનિટનો સમય ફાળવવામાં આવે છે. તેમ વિદ્યાર્થીની યાચકતા માટે પણ ચાર-પાંચ મિનિટનો સમય ફાળવવો જોઈએ. જેમાં શિક્ષકે વર્ગખંડમાં જેનો અભ્યાસ કરાવેલ છે. તેનાં અનુસંધાનમાં વિદ્યાર્થી શિક્ષકને પ્રશ્ન પૂછી પોતાની મૂંઝવણ દૂર કરી શકે, પોતે વધુ સ્પષ્ટ બની શકે. જે માટે પ્રથમ તો વિદ્યાર્થીએ યાચક બનવું પડે.

વિદ્યાર્થીની વાત કરીએ ત્યારે શિક્ષકને પણ યાદ કરવો જ રહ્યો. એક પ્રશ્ન થાય છે કે આજે કેટલા શિક્ષકને ઘેર પોતાની અલગ નાની સરખી લાયબ્રેરી છે? આ તો એના જેવી વાત થઈ કે એક ખેડૂત હોય પણ તેની પાસે હળ, ગાડું, કોદાળી જેવા ખેતીના ઓજાર ન હોય. તે ખેડૂત કેવી ખેતી કરતો હશે? તેનું પ્રોડકશન કેટલું હશે ? જો ખેડૂત માટે આવું વિચારતાં હોઈએ તો શિક્ષક માટે કેમ નહીં? જો શિક્ષક પૂરતું વાંચતો ન હોય તે વર્ગખંડમાં કેટલું અને કેવું ભણાવતા હશે ? તેની સ્થિતિ પણ પેલાં ખેડૂત જેવી જ ગણાય. શું શિક્ષકે માત્ર પાઠ્યપુસ્તક હોય તો કેટલાંક બાળખોના વાલી પણ તે કામ પોતાના ઘરે સારી રીતે કરી શકે તેમ છે. તો ત્યાં શિક્ષક કે શાળાની જરૂર પડે ? આજે ઘણા શિક્ષક અન્ય વ્યવસાયમાં એટલા બીઝી બની ગયા હોય છે કે બિચારાં તેમને વાંચવાનો સમય મળતો નથી. પરિણામ ભોગવવું પડે છે પેલાં વિદ્યાર્થીઓને !

આપણે રાહ જોવી રહી કે શિક્ષક વાંચતા થાય. જો તે વાંચશે તો તેના વિદ્યાર્થીઓ પણ વાંચશે. વાચક શિક્ષક હશે યાચક વિદ્યાર્થી પણ મળશે અને જો યાચક વિદ્યાર્થી હશે તો વાચક શિક્ષક મળશે.

શું ગુજરાતમાં હજીયે કોંગ્રેસને તક છે?

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

છેલ્લા કેટલાક વર્ષોથી રાષ્ટ્રીય કક્ષાએ કોંગ્રેસનું સતત ધોવાણ થતું રહ્યું છે. અને એમાંય વર્ષ - ૨૦૧૪થી શ્રી નરેન્દ્ર મોદી આવ્યા પછી તો કોંગ્રેસનું અસ્તિત્વ જ વિલય પામી રહ્યું હોય એવું લાગે છે. એના કારણો પણ બન્ને રીતે સક્ષમ છે એક તો ખૂદ કોંગ્રેસે અગાઉના વર્ષોમાં કરેલી લીલા અને બીજું કારણ ભારતને ઈન્દિરા ગાંધી પછી મળેલા સૌથી સક્ષમ અને નિષ્ઠાવાન પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીની કાર્ય પદ્ધતિ, હવેની દુનિયા જુદી છે. હવે આપણે કોઈને વધુ વખત મૂર્ખ બનાવીને છેતરી શકતા નથી. કેમ કે હવે દુનિયાભરની માહિતી, વિગતો, ઈતિહાસ સૌના હાથમાં રહેલા મોબાઈલમાં ઉપલબ્ધ છે. આટલી બધી ન્યૂઝ ચેનલો છે. સોશિયલ મીડિયા છે. હવે લોકો સમજતા થઈ ગયા છે. ધર્મ - સમ્પ્રદાય, ઈશ્વર-અલ્લાહ, જ્ઞાતિ - જાતિ, આ બધાથી પ્રજા હવે ઉપર ઉઠતી જાય છે. આજે રોજ કાળીમજુરી કરીને પેટિયું રળતો મજુર પણ રાત્રે ફૂટપાથ પર બેઠા બેઠા એંડ્રોઈડ મોબાઈલમાં ન્યૂઝ ચેનલો પર દેશ અને દુનિયાના સમાચારો જોઈ લે છે. આજે મોટાભાગના બદલતી જતી દુનિયાની સાથે સાથે દોડી રહ્યા છે. સમયે એકદમ પોતાની કરવટ બદલી છે. છેલ્લા દસેક વર્ષમાં ૩૬૦ ડિગ્રીએ દુનિયા બદલાઈ ગઈ છે. અને હજીએ એ જ રીતે બદલાઈ રહી છે. જ્યાં સુધી કોંગ્રેસ આ વાત નહી સમજે ત્યાં સુધી એ ક્યારેય સત્તા ઉપર નહીં આવી શકે.

આ નવું ભારત છે. હવે નવા ભારતની નવી રાજનીતિ છે. એના નવા અધ્યાયો છે, નવા સિદ્ધાંતો છે, નવા નિયમો છે. નવી માનસિકતા છે, નવી કાર્યપદ્ધતિ છે, પરંતુ કોંગ્રેસ હજી એ જ જુની રાજનીતિ, જુના સિદ્ધાંતો અને જુના નેતાઓને લઈને ચાલી રહી છે. જો સમજે તો આ ત્રણ શબ્દમાં કોંગ્રેસની નિષ્ફળતા છૂપાયેલી છે. અને કોંગ્રેસની કરૂણતા એ છે કે એને હજીએ બદલાવું નથી. જીવનમાં કેટલાક સત્ય બહુ જલદીથી સ્વીકારી લેવા જોઈએ. કેમ કે સત્ય હંમેશાં શક્તિશાળી ઊર્જા રૂપે હોય છે. એની આંધી આવે ત્યારે દુનિયાભરના અસત્યો, નકારાત્મકતા અને અસૂરી શક્તિઓ એ આંધીમાં ઊડી જાય છે.

હવે નવા ભારતમાં નવી નીતિ ઘડવાની જરૂર છે. નવી વિચારધારા, નવા સિદ્ધાંતો, નવા દૃષ્ટિકોણની જરૂર છે. પરંતુ આ બધુ લાવવું ક્યાંથી ? આવું તો કોંગ્રેસના ૭૦ વર્ષના સિલેબસમાં ક્યાંય આવ્યું જ નથી. રાજનીતિનો એક નિયમ છે કે જો એક જ કાર્યમાં વારંવાર નિષ્ફળતા મળે તો એ કાર્ય બદલવું જોઈએ અથવા રસ્તો બદલવો જોઈએ અથવા એ કાર્ય કરનાર લીડરને બદલવો જોઈએ. પરંતુ આવું થતું નથી ત્યારે ગંભીર પરિણામો આવે છે. રાજા જ્યારે યુદ્ધ હારતો હોય ત્યારે એણે એનો સેનાપતિ બદલવો જોઈએ, સૈનિકો બદલવા જોઈએ, યુદ્ધ નીતિ બદલવી જોઈએ, વ્યૂહ બદલવા જોઈએ. શસ્ત્રો બદલવા જોઈએ, અને થોડો સમય યુદ્ધ અટકાવી આત્મમંથન કરી વધુ સક્ષમ થવું જોઈએ. તો જ યુદ્ધ જીતી શકાય. પરંતુ કોંગ્રેસ આવું કંઈ જોયા વિના જ દરેક ઘટનામાં કુદી પડે છે, અને પ્રજા એનાથી વિમુખ થતી જાય છે.

ગુજરાતમાં ગઈ વિધાનસભામાં કોંગ્રેસના મુખમાંથી કોળિયો છીનવાઈ ગયો, સત્તા આવતા આવતા રહી ગઈ, જો ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બની ગઈ હોત તો દુનિયાભરમાં આપણા ગૌરવશીલ વડાપ્રધાનની ગરિમાને પણ અસર થઈ હોત. પરંતુ એ અવસર કોંગ્રેસે ગુમાવી દીધો, કેમ કે જે રાજ્યમાં અનેક નેતાઓ રાજા બનવા ઈચ્છતા હોય તે રાજ્ય કદી એમના કોઈના હાથમાં આવતું નથી હોતું, અને હવે તો આજે દુનિયાભરમાં શ્રી નરેન્દ્ર મોદીની બોલબાલા છે. હજીયે દસેક વર્ષ તો મોદીજી સત્તા ઉપર રહેશે એવું લાગે છે. પરંતુ ગુજરાતની સ્થિતિ જરા જુદી છે.

અહીની પ્રજાની માનસિકતા જુદી છે. ઘરની વ્યક્તિને ઘરની વ્યક્તિ જ ઓળખતી હોય છે. આડોશી પાડોશી નહીં. કોંગ્રેસ ધારે તો ગુજરાતમાં હજી ઘણુયે કામ કરી શકે છે. સત્તા ઉપર આવી શકે છે. હજી કામ કરવાના ત્રણેક વર્ષ છે. એક નવી વ્યૂહાત્મક વિચારધારા બનાવીને રચનાત્મક કાર્યપદ્ધતિ અપનાવીને જો નવી ટીમ બનાવવામાં આવે તો પરિણામ મળી શકે એમ છે. કેમ કે અહીં છેલ્લા ૨૦ વર્ષથી કોઈ પરિવર્તન થયું નથી. તેથી પ્રજા હવે પરિવર્તન તો ઈચ્છે જ છે પણ જે પ્રજાનું કલ્યાણ કરી શકે, સક્ષમ હોય એવી નેતાગીરી ઈચ્છે છે. જેમ દેશમાં ૭૦ વર્ષ પછી એક સક્ષમ નેતાના રૂપમાં પ્રજાને નરેન્દ્ર મોદી મળ્યા તેમ ગુજરાતમાં પણ આવું પરિવર્તન ગઈ વિધાનસભામાં થતા થતા રહી ગયું કેમ કે કોંગ્રેસ અંદરોઅંદરની યાદવાસ્થળીથી જ પરાસ્ત થઈ જાય છે. અને પ્રજા ફરી એકવાર ...

એક સમયને માટે દેશના સૌથી મોટા પક્ષના વડા નેતા કશ્મીરમાં જઈને પાકીસ્તાન તરફી વાત કરે તો પ્રજા ક્યાથી સ્વીકારે ? કોંગ્રેસનો સૌથી મોટો કોઈ એજન્ડા હોય તો માત્ર અને માત્ર મોદીજીનો વિરોધ છે. અને એ વિરોધ પણ કેવો ? શ્રી રાહુલ ગાંધીએ એક જાહેર સભામાં શ્રી નરેન્દ્ર મોદીજી પર આક્ષેપ કરેલો કે ગુજરાતમાં નરેન્દ્ર મોદીએ ૪૩ હજાર કરોડ એકર સરકારી જમીન લોકોને મફતમાં આપી દીધી છે. હવે વિચારીએ તો આ ૪૩ હજાર કરોડ એકર જમીનનો વ્યાપ કેટલો થાય ? જ્ઞાન વિના અને વિચાર્યા વિના જાહેરમાં આવું બોલનારને ભારતને પ્રજા કંઈ રીતે સ્વીકારે ? રાષ્ટ્ર હિત કે વિકાસ જેવા મુદ્દાથી કોંગ્રેસ પક્ષ આજે જોજનો દૂર છે. હવે જેના થકી પ્રજાના મત મળે છે એવા જ મુદ્દાને દૂર રાખી પ્રજા જેને ચાહે છે એનો વિરોધ જ કરવો એ તો પોતાના પગ ઉપર જ કૂહાડો મારવા જેવી વાત છે.

ખરેખર કોંગ્રેસે દરેક રાજ્યમાં એક નવી પેઢીને તૈયાર કરવાની જરુર છે. અત્યારે જેઓ છે તેમાંથી નિષ્ઠાવાન અને સત્તાની લાલચ વિનાના યુવા નેતાઓને રાખીને બાકીના બધા જ કોંગ્રેસીઓને નિવૃત્તિ આપીને જો નવી કેટેગરી બનાવવામાં આવે તો હજીએ થોડો સમય છે. કંઈક પરિણામ આવી શકે એમ છે. આ ઉપરાંત પણ હજી ઘણી એવી વાતો, યોજનાઓ, વિચારધારાઓ છે કે જેનો અમલ કરવાથી પ્રજાનો પ્રેમ જીતી શકાય છે. પણ અત્યારની જે કોંગ્રેસની પેઢી છે તે નવી વિચારધારા કદી માનશે નહીં, સ્વીકારશે નહીં, ગુજરાતની રાજનીતિ આજે એક સ્થિતિએ પહોંચીને અટકી ગઈ છે. વળી કેટલાંક નિર્ણયો, કાર્યો અને યોજનાઓ પ્રજાના હિતમાં ન હોવાની અનુભૂતિ ઘણાને થઈ રહી છે. પણ કોઈ બોલવા તૈયાર નથી, કોંગ્રેસને આ બધી નીતિનો વિરોધ કરતા આવડતું નથી અને શાસક પક્ષમાં કોઈ બોલી શકતું નથી કે આ સત્ય છે આ અસત્ય છે.. આ બધાની વચ્ચે પ્રજા માત્ર '' તારણહાર ''ની પ્રતીક્ષા કરીને બેઠી છે. જેમ દિલ્હીમાં વર્ષો જુની કોંગ્રેસની સરકારને પડકારનાર કેજરીવાલને ત્યાની પ્રજાએ હિરો બનાવીને મુખ્યમંત્રી બનાવી દીધા તેમ ગુજરાતમાં પણ ગઈ ચૂંટણીમાં થઈ શક્યું હોત પણ કોઈ વિકલ્પ નહોતો. અને હજીએ આ જ સ્થિતિમાં પ્રજા છે. મને એ જ નથી સમજાતું કે કોંગ્રેસને આ સ્થિતિનો લાભ લેતા કેમ નથી આવડતું ? માત્ર એ.સી.રૂમમાં બેઠા બેઠા ગુજરાતનો નકશો લઈને ગુજરાતની સ્થિતિની ચર્ચા કરનાર, પ્રજાના મતોની ગણતરી કરનાર, જ્ઞાતિ-જાતિના સમીકરણો રચનાર ક્યાંથી સત્તા પર આવી શકે ? પ્રજા શું ઈચ્છે છે એ સમજવા તો પોતાને પ્રજાની વચ્ચે જવું પડે, પ્રજાનો એક ભાગ બનવું પડે, હિસ્સો બનવું પડે, પણ આટલો મોટો વિશાળ રાષ્ટ્રીય પક્ષ આજે માત્ર મોદીવિરોધમાં ફસડાઈ ગયો છે. વિરોધ કરવાની માનસિકતાનો વિકાસ થતો જાય છે. અને મોદીજી દેશનો વિકાસ કરતા જાય છે. મેં અગાઉ પણ ગઈ વિધાનસભાની ચૂંટણીમાં લખ્યું હતું કે ગુજરાતમાં ત્રીજા પક્ષની જરુર છે. જો ત્રીજો સક્ષમ વિકલ્પ ઊભો થાય તો અહીં પુરેપુરી તક છે.

કેમ કે દેશ તો કદાચ ''ન્યૂ ઈન્ડિયા''માં પ્રવેશી ગયો છે પણ હજી ગુજરાત ''ન્યૂ ગુજરાત'' નથી બની શક્યું. અહીં હજીયે ઘણું કામ કરવાનું બાકી છે, હજીયે ઘણા બધા ક્ષેત્રે જો પ્લાનિંગ સાથે કામ કરવામાં આવે તો પ્રજાનું દિલ જીતી શકાય છે. ગુજરાતમાં હજી એવા અનેક ક્ષેત્રો છે જે પરિવર્તની રાહ જૂએ છે. કેટલાય સરકારી વિભાગો એવા છે જેમાં ધળમૂળમાંથી પરિવર્તન કરવાની જરુર છે. કામ કરવાની પદ્ધતિ બદલવાની જરુર છે. આજે પ્રજાના હૃદય પર રાજ કરે એવો એકેય નેતા નથી જોવા મળતો. સૌ કોઈ જીતીને ગાંધીનગરમાં વિશાળ ઓફિસ, બંગલો અને ગાડી લઈને પોતાની પેઢીઓને સમૃદ્ધ કરવા લાગી જાય છે. અને નીચેથી છેક ઉપર સુધી '' વાહ વાહ ''. જી

અનુસંધાન પાના નં ૭ પર

ગૌર સે દેખિયે હર ચેહરે કો !

રઝળપાટ
અજય ઉપાધ્યાય

'ચેહરા ક્યા દેખતે હો, દિલ મેં ઉતર કર દેખો ના..દિલ મેં ઉતર કર દેખો ના....' ભાઈશ્રી કુમાર સાનું અને આશાતાઈએ ગાયેલું અને મદનપાલે લખેલું ફિલ્મ 'સલામી'નું આ સોંગ નદીમ-શ્રવણના સુમધુર સંગીતને લીધે સાંભળવામાં તો સારું લાગે છે પણ અહી એક બાયોલોજીકલ લોચો છે...! અસલમાં દિલમાં ઉતરવા માટે પહેલા ને પહેલા ચહેરા થ્રુજ ઉતરવું પડે. કોઈ પણ ચહેરો જ કોઈના ભાવવિશ્વમાં ઉતરવા માટેનું એકમાત્ર પ્રવેશદ્વાર છે. આ હું નહિ પણ સિમ્પલ સાયન્સ કહે છે. જી હા બહેનો ઔર ભાઈઓ આપણો ચહેરો બોલે તો ફેસ બોલે તો સુરત બોલે તો થોબડું જ આપણા બધા જ પ્રકારના આચાર - વિચાર અને વ્યવહારનું રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ (આર.સી. યુ કનો...!) છે. જો કે ઘણીવાર ''આંખો સે તુને યે ક્યા કહ દિયા'' કરતા કરતા ઉતરી જવાય પણ ઓફિસિયલ એન્ટ્રી તો ચહેરાથી જ થવાની. એટલે તો ઘણાને આપણે એના થોબડા જોતાવેત જ ઓળખી જઈએ કે આ ભઈ કે બોન કેટલા ઊંડા પાણીમાં ડૂબેલા છે...! ચહેરા બોલે તો ફેસનું પણ એક વિજ્ઞાન છે બોલે તો 'ફેસ રીડીંગ'. જુદાજુદા ચહેરાઓ અને એના પર આવ-જા કરતા વિવિધ ભાવોને ઓળખી શકો તો એ ચહેરા પાછળ છુપાયેલ કે પછી ચહેરા પર છલકાતા - આવતા - આવવા મથતા કે ઓલરેડી આવી ચુકેલા ઉમંગો-